# સૌરાષ્ટ્ર વિભાગનો કૃષિ મહોત્સવ જૂનાગઢ ખાતે ઉજવાયો

ગાંધીનગર, તા. ૧૪

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે સૌરાષ્ટ્ર ઝોનના કૃષિ મહોત્સવનો જુનાગઢ ખાતેથી પ્રારંભ કરાવી સૌરાષ્ટ્રના હજારો કિસાનોને



રાજ્ય સરકાર તેમની દરેક મુશ્કેલીની સાથે હોવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી કૃષિકારોની સમૃદ્ધિ એ જ રાજ્ય સરકારનો ઉદ્દેશ છે તેમ જણાવ્યું હતું. કૃષિ મહોત્સવ એ ખેડુતો અને કૃષિ વૈજ્ઞાનિકો વચ્ચેનો સંવાદ છે અને છેલ્લા ૧૨ વર્ષના આ સંવાદથી ગુજરાતે કૃષિ ક્ષેત્રે નવી સિદ્ધિઓ હાંસલ કરી છે તેમ ઉમેર્યુ હતું. ખેતીનું ભવિષ્ય ઉજ્જવળ છે તેમ જણાવી કિસાનોને કહ્યું કે, અન્ય ઉદ્યોગોની જેમ જ ખેતી અને તેના આધારિત નાના ઉદ્યોગોને પણ ઉચ્ચ દરજ્જો આપી તમામ પ્રકાની સહાય આપવામાં આવશે.

ગ્લોબલ વોર્મિંગની સમસ્યાનું નિવારણ કુદરત સામે લડીને નહીં પરંતુ માર્ગ કાઢીને કરવામાં આવશે તેમ કહી કુદરતી આપત્તીઓમાં કિસાનોને ઓછામાં ઓછું નુકસાન થાય અને જો નુકસાન થાય તો સરકાર સહાય કરીને ખેડુતોની પડખે ઉભી રહેશે. મુખ્યમંત્રીએ અકસ્માત મૃત્યુ કેસમાં ખેડુતના વારસદારને રૂા.૧ લાખના બદલે રૂા.૪ લાખ સુધી સહાય આપવામાં આવશે તેમ કહ્યું હતું.

સૌરાષ્ટ્રના ઘણા ખેડુતો દેશી ખાતરથી ઓર્ગેનિક ખેતી અપનાવતા થયા છે તે દિશાને આગળ ધપાવતા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ઓર્ગેનિક ખેતીથી ખેડુતની આવકમાં વધારો થશે અને સમાજ પણ સ્વસ્થ થશે.

મુખ્યમંત્રીએ કૃષિ પ્રદર્શન નિદર્શનમાં કૃષિ જ્ઞાનની સમજ મેળવી સાહિત્યનો અભ્યાસ કરીને ખેડૂતોને નવી વિકસાવેલી બિયારણની જાતોનો ઉપયોગ કરવા, ટપક સિંચાઈ અને સાથે વરસાદી પાણીનો સંગ્રહ કરવા શિખ આપી હતી.

ગુજરાતમાં પાણીના તળ નીચે ઉતરવાનું આજ-કાલથી નહીં પરંતુ ત્રણ દાયકાથી શરૂ થયું હતું. પરંતુ ત્યારની સરકારને કિસાનોની ચિંતા ન થઈ અને બાદમાં પૂર્વ મુખ્યમંત્રી અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વરસાદી પાણીનો સંગ્રહ થાય, નર્મદાનું પાણી ગામે ગામ મળે તેવું આયોજન કરી ભગીરથ પ્રયાસો કર્યા અને હાલ પણ આ દિશામાં સરકાર રાત-દિન કામ કરે છે અને તેને લીધે ખેતીનો પિયત વિસ્તાર અને સાથે ખેત ઉત્પાદન વધે છે. કિસાનોની ચિંતા કરીને રાજ્ય સરકારે આવતી કાલથી નર્મદાનું પાણી કેનાલમાં છોડવાનો નિર્ણય લીધો છે તેમ કહ્યું હતું.

કિસાનો માટેની કલ્યાણકારી નવી યોજનાઓની રૂપરેખા આપતા મુખ્યમંત્રીએ કહ્યું કે, વર્ષોથી કેન્દ્રમાં ખેત પેદાશોના નિકાસ માટે અમદાવાદમાં કાર્ગો સેન્ટરની મંજૂરી વિલંબમાં હતી. કેન્દ્ર સરકારે તાજેતરમાં આ સેન્ટરની મંજૂરી આપી દીધી છે અને પોતે ચાર દિવસ પહેલા તેનું લોકાર્પણ કર્યાનું જણાવી હવે ગીરની કેસર કેરી હોય કે મગફળી સહિતની એગ્રો પ્રોસેસિંગની દરેક આઈટમની નિકાસ પ્રક્રિયા એક જ સ્થળેથી થઈ શકશે. આ માટે ખેડૂતોને ૨૫ ટકા સુધીની સહાય આપવામાં આવશે.



## પોગલુ ગામના વૃધ્ધનું હરિદ્વારમાં હૃદયરોગના હુમલામાં નિધન

પ્રાંતિજ, તા.૧૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામાંથી પટેલ સમાજના કેટલાક પરિવારો તા. ૧૧મેના રોજ લકઝરી બસ દ્વારા ચારધામની યાત્રા અર્થે બસ રવાના થઈ હતી જેમાં પ્રાંતિજના પોગલુ ગામેથી પણ પટેલ ગોરધનભાઈ અમીચંદભાઈ પણ યાત્રાએ ગયા હતા જયાં યમુનોત્રીમાં દર્શન બાદ તેમને અચાનક છાતીમાં દુખાવો થતા તેવોનું નિધન થયું હતું.

સાબરકાંઠા અને મહેસાણા જિલ્લામાંથી એક લકઝરી બસ ચારધામની યાત્રાએ ગયેલી હતી. જેમાં સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના પોગલુના વતની પટેલ ગોરધનભાઈ અમીચંદભાઈ ઉ.વ. ૬૪ કે જેવો અગાઉ સાબર ડેરીમાં એકાઉન્ટ વિભાગમાં ફરજ બજાવતા હતા અને હાલ નિવૃત્ત થયા પછી તેવો પોતાના પરીવાર સાથે ભકિતમય જીવન ગુજારતા હતા જયારે તાજેતરમાં જ ચારધામની યાત્રાએ જતા તા. ૧૩મે શુક્રવારના રોજ તેવોએ યમુનોત્રીના મંદિરમાં દર્શન કર્યા બાદ અચાનક છાતીમાં દુઃખાવો થતા તેવોનું હૃદયરોગના હુમલાથી મોત થયું હતુ અને તેમના મોતના સમચાર પોગલુ ખાતે પરિવારને મળતા પરિવારના સભ્યો ખાનગી વાહન લઈને હરિદ્વાર પહોંચી અને મૃતદેહને યમુનોત્રીથી હરીદ્વાર ખાતે લાવી ગંગાઘાટ ઉપર અગ્નિદાહ આપવામાં આવ્યો હતો તેમના મોતના સમાચારથી પોગલુ અને ૫૨ ગોળ પટેલ સમાજમાં શોકનું મોજું ફેરવાયું હતું.

## કલોલ ગામની યુવતી દવા પી જતાં મોત

સાબરકાંઠા ખેડબ્રહ્મા તાલુકાના કલોલ ગામની યુવતી થોડાક દિવસો અગાઉ જંતુનાશક દવા પી જતાં સારવાર દરમિયાન તેણીનું ખાનગી હોસ્પિટલમાં ગુરૂવારે મોત નિપજયુ હતું.

ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનથી પ્રાપ્ત વિગતો અનુસાર કલોલ ગામની હેતલબેન રવિકુમાર સોલંકી (ઉ.વ.આ.૨૪) તા.૨૦ એપ્રિલના રોજ પોતાના ઘરે જંતુનાશક દવા પી ગઈ હતી. જેને સારવાર માટે હિંમતનગર ખાતે મેડીસ્ટાર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. જેનું ગુરૂવારે સારવાર દરમિયાન મોત નિપજયુ હતું. જે અંગે મેડીસ્ટાર હોસ્પિટલના મેડીકલ ઓફીસર ડૉ.ભગતરામ ઓજાણીએ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશને જાણ કરતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

## ઉંચીધનાલ ગામે મહિલાએ યુવકને પથ્થર મારતા ઈજા

સાબરકાંઠા જીલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના ઉંચીધનાલ ગામમાં એક મહિલાએ તેમના પાડોશમાં રહેતા મહિલાને ગુરૂવારે રાત્રે ૧૦ વાગ્યાના સુમારે ગાળો બોલતા હતા ત્યારે મહિલાના પુત્ર હિતેશભાઈ આવતા તેમણે મહિલાને ગાળો કેમ બોલે છે અને ગાળો ન બોલવા જણાવતા તેથી મહિલા એકદમ ઉશ્કેરાઈ જઈ ગાળો બોલી હાથમાં પથ્થર લઈ હિતેશભાઈ તળશીભાઈને પટેલને માથામાં મારતા ઈજાઓ પહોંચી હતી. જે અંગે હિતેશભાઈએ ઉંચીધનાલ ગામની મહિલા કોમલબેન અશોકભાઈ ઠાકરડા વિરૂધ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી.

## ઊંઝાના ઐઠોર પાસેથી બે સટ્ટોડીયા ઝડપાયા

ઊંઝા, તા.૧૪

ઊંઝા ખાતે ઐઠોર ચાર રસ્તા નજીક શાળા પાસે આઈપીએલની ટવેન્ટી ટવેન્ટીની મુંબઈ અને પંજાબ વચ્ચે રમાતી ક્રિકેટ મેચ પર પોતાના આર્થિક ફાયદા માટે બોબડી લાઈન થકી મોબાઈલ ફોન પર ક્રિકેટ સટ્ટાનો જુગાર રમતા બે શખ્સોને પોલીસે પકડી પાડી તેઓની પાસેથી પાંચ મોબાઈલ અને ૫૦૦૦ની રોકડ રકમ મળી કુલ ૧૨,૨૦૦ની કિંમતનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

પકડાયેલ બે શખ્સો પટેલ કાજલ ઉર્ફે બુધાલાલ ગણેશભાઈ અને પટેલ ગૌરવ વિનોદભાઈ બંને રહે. ઊંઝા વિરૂધ્ધ સ્થાનિક પોલીસે જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ આરંભી છે.

## વિશોળ ગામે ડિગ્રી વગરનો ડૉકટર ઝડપાતા પોલીસ ફરિયાદ

ઊંઝા, તા.૧૪

ઊંઝા તાલુકાના વિશોળ ગામે ડોકટરની ડિગ્રી ન હોવા છતાં દવાખાનું ખોલી એલોપથીક દવાઓ રાખી તેનું વેચાણ કરી દર્દીઓની સલામતી જોખમમાં મૂકતા શાહ (ગુપ્તા) હરેન્દ્રકુમાર લક્ષ્મીનારાયણ રહે. સિધ્ધપુરને પોલીસે ઝડપી લઈ તેમની વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

દરમિયાન વિશોળ ગામેથી કથિત બોગસ તબીબ ઝડપાતાં ઊંઝા તાલુકા હેલ્થ કચેરીની કામગીરી સામે લોકોમાં સવાલો ઉઠયા છે.

# અમદાવાદ અગનભઠ્ઠીમાં : પારો ૪૪થી પણ ઉપર

### અમદાવાદ અને ગુજરાતના અન્ય વિસ્તારોમાં રસ્તાઓ ગરમીના પ્રકોપના કારણે સુમસામ બન્યા : ગરમી વચ્ચે ઈમરજન્સીના કેસમાં પણ વધારો થયો

અમદાવાદ, તા.૧૪

અમદાવાદ સહિત ગુજરાત અગનભઠ્ઠીમાં સેકાઈ ગયું છે. આજે પણ પારો ૪૪થી ઉપર રહેતા રસ્તાઓ સુમસામ દેખાયા હતા. બપોરના ગાળામાં આગની વર્ષા જેવો અનુભવ લોકોએ કર્યો હતો. કેટલાક અહેવાલમાં તો અમદાવાદમાં પારો ૪૫ અને ૪૬ વચ્ચે દર્શાવવામાં આવ્યો હતો. જો કે, હવામાન વિભાગ દ્વારા અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૪ હોવાની વાત કરવામાં આવી હતી. પાટનગર ગાંધીનગરમાં ૪૪.૨ તાપમાન નોંધાયું હતું. બીજી બાજુ અમદાવાદ માટેની ચેતવણીમાં જણાવવામાં આવ્યું છે કે, પારો ૪૬થી પણ ઉપર પહોંચી શકે છે. આવી સ્થિતિમાં લોકો વધુ સાવધાન રહે તેવી શક્યતા છે. હિટવેવની ચેતવણી આગામી બે દિવસ માટે યથાવત રાખવામાં આવી છે. તાપમાનમાં કોઈ ઘટાડો થાય તેવા સંકેત દેખાઈ રહ્યા નથી. ઈમરજન્સીના કેસોમાં રેકોર્ડ વધારો નોંધાયો છે. ગરમી વચ્ચે અમદાવાદ અને અન્ય વિસ્તારોમાં બેભાન થવાના, ઝાડા ઉલ્ટીના કેસોમાં વધારો થયો છે. અમદાવાદ શહેરમાં અગ્નિજવાળા જેવી ગરમીનો અનુભવ લોકો કરી રહ્યા છે. તાપમાન સતત વધતાં લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. ગઈકાલની સરખામણીમાં આજે પારો વધુ ઉપર પહોંચ્યો હતો જેથી આકાશમાંથી આગ વરસે છે તેવો અનુભવ લોકોએ કર્યો હતો. ખાસ કરીને બપોરના ગાળામાં લોકો ભારે મુશ્કેલીમાં દેખાયા હતા. જનજીવ પણ ખોરવાઈ ગયું હતું. અમદાવાદ ભઠ્ઠીમાં ફેરવાઈ ગયું હતું. અમદાવાદના મેયરના નેતૃત્વમાં શહેરમાં જુદા જુદા વિસ્તારોમાં કામ કરતી એનજીઓ સામાજીક સંસ્થાઓ સાથે મીંટીંગ યોજવામાં આવી રહી છે. બપોરના ગાળામાં લોકોએ બહાર નિકળવાનું ટાળ્યું હતું. જો કે, જરૂરી કામ માટે બહાર નિકળેલા લોકોએ સાવચેતી રાખી હતી. હિટવેવ એક્શન પ્લાનના સંદર્ભમાં હાલમાં જ જરૂરી સૂચનાઓ જારી કરવામાં આવી હતી.

ગરમીથી બચવા માટે વિવિધ પગલા લેવા માટે હાલમાં નિષ્ણાત તબીબોની પણ સૂચના છે. ખાસ કરીને બાળકો અને મોટી વયના લોકો માટે સૂચના જારી કરવામાં આવી ચુકી છે. વધારે પ્રમાણમાં પાણી અને પ્રવાહીનો ઉપયોગ કરવા સૂચના આપવામાં આવી છે. અમદાવાદ શહેરમાં કોર્પોરેશન દ્વારા આગોતરી તૈયાર કરવામાં આવી હતી. સ્થિતિમાં હવે કોઈ સુધારો થવાના સંકેત દેખાઈ રહ્યા નથી. બપોરના ગાળામાં રસ્તાઓ સુમસામ દેખાયા હતા. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આઈએમડી અમદાવાદના સહયોગથી અમદાવાદ હીટ એક્શન પ્લાન અમલમાં મુકવામાં આવ્યો છે.



ગરમીનું પ્રમાણ વધી રહ્યું છે ત્યારે સામાન્ય લોકોને રસ્તા પર રાહત મળે તે માટે જુદા જુદા વિસ્તારમાં મફતમાં ઠંડા પાણીની પરબોની વ્યવસ્થા કરવામાં આવી છે.

# અમદાવાદમાં આજે તાપમાન ૪૫ પહોંચવાની વકી

અમદાવાદ,તા.૧૪

અમદાવાદ શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી પારો સતત વધી રહ્યો છે અને આગામી ચાર દિવસ માટે અમદાવાદમાં મહત્તમ તાપમાન શું રહી શકે છે તેને લઈને ચેતવણી જારી કરવામાં આવી છે. તાપમાન ૪૪ અને ૪૫ ડિગ્રી વચ્ચે રહેવાની વાત કરવામાં આવી છે. જો કે, કેટલાક અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, આજે પારો ૪૬ની આસપાસ પહોંચ્યો હતો. તાપમાન હજુ પણ ઉપર જવાની શક્યતા દેખાઈ રહી છે. બીજી બાજુ અમદાવાદમાં હાલ ઓરેન્જ લેવલ સપાટી જારી કરવામાં આવી છે. આનો મતલબ એ છે કે, પારો ૪૩થી ઉપર છે. ગઈકાલે ૪૫ ડિગ્રીની આસપાસ રહેવાથી રેડ લેવલની સપાટી જારી કરાઈ હતી. બીજી બાજુખુલ્લામાં અને બિન આરોગ્યપ્રદ પરિસ્થિતિમાં વેચવામાં આવી રહેલાં સિકંજી,પેપ્સીકોલા કે પછી તરબૂચ,કાકડી,તાડફળી વગેરે વેચવાવાળા સામે શા માટે કોઈ નકકર કાર્યવાહી કરવામાં આવતી નથી? તેવી ફરિયાદ ઉઠી રહી છે. જો કે કોર્પોરેશન દ્વારા હિટવેવને લઈને ખાસ આયોજન પણ કર્યું છે અને જુદી જુદી જગ્યાઓએ પાણીની વ્યવસ્થા કરવામાં આવી છે. બીજી બાજુ રવિવારના દિવસે સૌથી વધુ ગરમી નોંધાય તેવા સંકેત દેખાઈ રહ્યા છે. હવામાન વિભાગ મુજબ અમદાવાદમાં મહત્તમ તાપમાન ૧૫મીએ ૪૫ સુધી પહોંચી શકે છે. અમદાવાદમાં ગરમીથી રાહત મેળવવા માટે કેટલીક જગ્યાઓએ પરબો પણ મુકવામાં આવી છે. બીજી બાજુ સાવચેતીના અન્ય પગલાઓ પણ લેવામાં આવ્યા છે.

### પારો ૪૫થી ઉપર જાય તો રેડકાર્ડ જારી થાય છે

અમદાવાદ શહેરમાં કાળઝાળ ગરમી વચ્ચે હાલમાં વારંવાર એલર્ટની જાહેરાત કરવામાં આવી રહી છે. જ્યારે તાપમાન ૪૧થી ૪૩ ડિગ્રી વચ્ચે રહે છે ત્યારે યલો સપાટી જારી કરવામાં આવે છે અને જ્યારે પારો ૪૩.૧થી ૪૪.૯ સુધી પહોંચે છે ત્યારે ઓરેન્જ સપાટી અથવા તો ઓરેન્જ કાર્ડ જારી કરવામાં આવે છે. આવી જ રીતે પારો જ્યારે ૪૫થી ઉપર પહોંચે છે ત્યારે રેડ એલર્ટ અથવા રેડકાર્ડ જારી કરવામાં આવે છે. ગઈકાલે અમદાવાદમાં ૪૫ની આસપાસ હોવાના કારણે રેડએલર્ટની જાહેરાત કરવામાં આવી હતી.


## ડુપ્લેક્ષ મકાન વેચવાનું છે

બે માળનું ડુપ્લેક્ષ, બે પરિવાર રહી શકે તેવું, ફુલ ફર્નિચરવાળું, પેથાપુર, ચામુંડાનગર સોસાયટી, ચરેડી વડ પાસે, સિદ્ધિ વિનાયક બંગલા નજીક, બિઝનેસ પાર્કની લાઈનમાં

સંપર્ક
9714109108


## મોરપીંછના રંગ ● ૪ પાનાનું ચાલુ...

દુઃખ, વ્યથા અને આંસુઓને હૈયામાં ધરબી રાખ્યા અને નીકળી પડી આ દુનિયાનો જંગ જીતવા. આ રિયાના હદયમાં સૌ પ્રથમ મા અને બન્ને બહેનો કૃપાલી અને સ્વીટુ માટેની અપ્રીતમ લાગણી જ છે. એનું માનવું છે કે જે જે સુખ મને નથી મળ્યું એ મારી નાની બન્ને બહેનો ને મળવું જોઈએ.

રિયાના ગુજરાતી આલબમો ગુજરાતની બહાર જતા રાજસ્થાનમાંથી એને આલબમોની ઓફરો થવા લાગી અને કામ શરું કર્યુ. બે ચાર વર્ષમાં તો રીયાએ ૭૦૦થી વધારે આલબમો રાજસ્થાની ભાષામાં મુખ્ય અભિનેત્રી તરીકે કર્યા. જેમાં મુખ્યત્વે 'માજી સારી મહિમા', 'વીર ગૂર્જર સવાઈ ભોજ કથા' 'કથા રૂપાદે ટી બેલ' 'ગોગાજી વિવાહ', 'ફાગણ મેં મહેંદી રાચણી', 'લાડો ચઢ આપો ઘોડી પર' 'રૂપાળી છોરી', 'મીરા રે મંદિર મેં નાચ લેબા દે', 'બીનણી નખરાણી', 'કથા મીરીરી' 'બેનડી ચાલી સાસરિયે', 'કજરારે નેણા મ્હારા'વગેરે એ ધૂમ મચાવી છે. તો વળી રીયા એ દસેક આલબમમાં હરિયાણવીમાં અને થોડા પંજાબીમાં પણ કર્યા છે.

આ અભિનેત્રીએ ગુજરાતના તથા બહારના અનેક ખ્યાતનામ કલાકારો સાથે કામ કર્યું છે. જેમાં શક્તિ કપુર, ફિરોજ ઈરાની, હિતેન કુમાર, ચંદન રાઠોડ, જયેન્દ્ર મહેતા, ભાવિની જાની, જૈમિની ત્રિવેદી, હસમુખ ભાવસાર, જયશ્રી પરીખ મુખ્ય છે. અને હાલમાં એક ભોજપુરી ફિલ્મ મુખ્ય અભિનેત્રી તરીકે સાઈન કરી છે જેમાં ભોજપુરીના પ્રસિદ્ધ અભિનેતા રવિ કિશન હિરો તરીકે અભિનય આપશે.

આ રિયાના જીવનની એક સચ્ચાઈ એ પણ છે કે એના મમ્મી નીલાબહેન પણ જ્યારે દસ વર્ષના હતા ત્યારે એમના પપ્પા પણ મૃત્યુ પામેલા અને ઘરમાં કોઈ ભાઈ નહી હોવાથી એકલા મા સાથે રહીને ઉછરેલા. અને આ જ ચક્ર રિયાના જીવનમાં પણ ફર્યુ. આમ છતાંય નીલાબહેને સહેજેય હિંમત હાર્યા વિના ત્રણેય દીકરીઓને પિતાની કે ભાઈની ઓછપનો અનુભવ થવા દીધા વિના ઉછેરી છે. કેમ કે એના મમ્મી પણ એક સ્ત્રી હતા અને નાની ઉમરે વિધવા થયા અને ઘરમાં ત્રણ દીકરીની જવાબદારી. વિકટ પરિસ્થિતિથી સહેજેય તૂટ્યા વિના લડવું - સંઘર્ષ કરવો એ વાત ત્રણેય દીકરીઓને પણ શીખવી છે. રિયાનો ઉછેર પણ ઘરમાં અને પ્રાંતિજ ગામમાં એક છોકરાની જેમ જ થયો છે. એના મિત્રો પણ મોટેભાગે છોકરાઓ જ છે. આને કારણે એને અને એના પરિવારને ઘણું સહન કરવાનું પણ આવ્યું છે પણ સમાજની વાતોને ધ્યાન પર લીધા વિના જ રિયા પોતાના કામમાં આગળ વધતી રહી છે.

અભિનયનો વારસો પિતા પાસેથી મેળવનાર આ યુવા અભિનેત્રી આરંભથી આલબમ અને ફિલ્મક્ષેત્રે પોતાનું નામ ઝળહળતું કરી ચૂકી છે. તો વળી રિયાનો રંગમંચ પ્રવેશ પણ મેઈકપ આર્ટિસ્ટ તરીકે થયો અને પછી અભિનેત્રી તરીકે ગુજરાતી રંગભૂમિ ક્ષેત્રે પણ તેનું કામ ધ્યાનપાત્ર બન્યું છે. સમય મળતા એ નાટકોમાં પણ અભિનય આપીને ઉત્તર ગુજરાત યુનિવર્સિટી યુવક મહોત્સવ તથા આઈ.એન.ટી જેવી પ્રતિષ્ઠિત નાટ્ય સ્પર્ધાઓમાં શ્રેષ્ઠ અભિનેત્રીનું સન્માન આ અભિનેત્રીને મળી ચૂક્યું છે. આ રંગમંચીય સિદ્ધિને કારણે રિયા અમદાવાદની એક નાટ્ય સંસ્થાના આગામી જુલાઈ - ૨૦૧૬મા અમેરિકાના નાટ્ય શૉ માટે પણ પસંદગી પામી છે. અને આગામી જુલાઈમાં અમેરિકામાં નાટકોના શૉ કરીને ગુજરાતીની ખુશ્બૂ ફેલાવશે. તો વળી હિંમતનગરની 'અર્જૂન એકેડેમીએ 'પ્રાઈડ ઓફ પ્રાંતિજ એવોર્ડ આપીને પણ આ અભિનેત્રીનું સન્માન કર્યુ છે. જ્યારે વર્ષ - ૨૦૧૪માં ટ્રાન્સમીડિયા ગુજરાતી સ્ક્રીન એવોર્ડ સ્પર્ધામાં શ્રેષ્ઠ અભિનેત્રી તરીકે નોમિનેટ થવાનું સદભાગ્ય રિયાને મળ્યું છે. તો વળી આ અભિનય યાત્રાની સિદ્ધિને કારણે જાયન્ટસ ગ્રુપ ઓફ પ્રાંતિજ ગોલ્ડ તરફથી : 'બેટી બચાવો - દોડે પ્રાંતિજ' કાર્યક્રમ અંતર્ગત કલાક્ષેત્રના એવોર્ડથી સન્માનિત કરવામાં આવી છે.

આમ મૂળ નામ કેયુરી, હુલામણુ નામ "સોનુ" અને અભિનયની દુનિયામાં 'રિયા મહેતા' નામથી જાણીતી બનેલી આ અભિનેત્રી મૂળ મહેસાણા જિલ્લાના ગવાડા ગામની વતની અને ગોરી, પણ પરિવાર વર્ષોથી પ્રાંતિજમાં સ્થાયી થયેલો. પારિવારિક સંઘર્ષને કારણે વચ્ચે થોડા વર્ષો અભ્યાસ છૂટી જતા હવે ફરીથી આટર્સમાં મુખ્ય વિષય ગુજરાતી રાખી અભ્યાસ શરું કર્યો છે. અભિનય અને સૌન્દર્યથી પ્રભાવિત થઈને આ અભિનેત્રીને કન્નડ અને ભોજપુરી ફિલ્મોની ઓફરો પણ આવતી શરું થયેલી છે.

રિયા ખુબ મહેનતું છે નાટક હોય આલબમ હોય કે ફિલ્મ કે જાહેરાત હોય. પોતાના નાના મોટા પાત્રને બરાબર આત્મસાત કરીને, સાથે રહેલા સહ અભિનેતાને સરસ રીતે સહકાર આપીને કામ કરતી આ અભિનેત્રી પોતાના સરળ અને નિખાલસ સ્વભાવના કારણે દિગ્દર્શકો તથા નિર્માતાઓમાં તે લોકપ્રિય બની શકી છે. અભિનય સમ્રાટ ઉપેન્દ્ર ત્રિવેદીના આશિર્વાદ લઈ ચૂકેલી આ રીયા મહેતા કહે છે કે, " મારી સાચી સફળતા તો હજી બાકી છે. અને આ તો હજી શરૂઆત છે. " આત્મવિશ્વાસથી ભરપુર આ અભિનેત્રી સારી એનાઉન્સર પણ છે સાહિત્યિક, સાંસ્કૃતિક કે રંગમંચીય સમારોહનું સંચાલન પણ પોતાના સ્વર, સૂઝ અને સૌન્દર્યથી કરી શકે છે.

મને લાગે છે કે ગુજરાતી શ્રેષ્ઠ ફિલ્મો હજી આ અભિનેત્રીની રાહ જુએ છે. જે સ્થાન ગુજરાતી ફિલ્મોમાં સ્નેહલતાનું હતું તે સ્થાન રિયા મહેતાનું બની શકે છે કે પછી કોઈ એક હિન્દી ફિલ્મ એના માટે બની રહી છે ભાવિના પેટાળમાં ? એ કોઈ નથી જાણતું. પણ જ્યા સંઘર્ષ છે, પરિશ્રમ છે, સચ્ચાઈ છે, કામ પ્રત્યેની નિષ્ઠા છે ત્યાં સફળતા અચૂક છે જ. મને લાગે છે કે એક મોટો રૂપેરી પડદો અને ઘર ઘરનો ટી.વી સ્ક્રીન તથા કરોડો તાળીઓની ગૂંજ આ રિયાની રાહ જૂએ છે.

9426060601.india@gmail.com

## રઝળપાટ ● ૪ પાનાનું ચાલુ...

અને આ " મારાપણા " નો અહેસાસ જગાવી શકે એ જ મા ! દુનિયામાં જો કોઈ તમારું છે - ઈનફેક્ટ કાયમી તમારું છે તો એ મા છે. હમેશા સાથે - દુઃખમાં કે સુખમાં ! મા ની આંગળીમાં અભય હોય. જ્યાં સુધી બાળક મા ની આંગળી પકડી રાખે ત્યાં સુધી દુનિયાના ગમે એવા ગીચ ટ્રાફિકવાળા રસ્તાઓ પર એ સુપેરે પાર ઉતરી જાય - ક્રોસ કરી જાય, હેમખેમ !!!! કારણ...? કારણ એટલું જ અને અખંડ કે મા ની ચુનરી - પાલવ નો છાયો હમેશા બાળક પર લહેરાતો હોય છે, લહેરાતો રહે છે....!!

વિસામો : હિટલર પોતાના ખાનગી ખંડમાં ફક્ત બે જ તસ્વીરો રાખતો - એક એના મારી ગયેલા શોફરની અને બીજી એની મા ની..!


**ગુજરાત રાજ્ય વેરહાઉસીંગ કોર્પોરેશન : ગાંધીનગર**
**સેક્ટર-૧૦-એ, કર્મયોગી ભવન સામે, ગાંધીનગર**

## ઓફિસ ભાડે આપવાની જાહેર નિવિદા

ગાંધીનગર ખાતેની ઓફીસ લાયક જગ્યા ભાડે આપવાની છે. ગુજરાત રાજ્ય વેરહાઉસીંગ કોર્પોરેશનની માલિકીની ગાંધીનગર ખાતે સેક્ટર-૧૦-એમાં આવેલ હવા ઉજાસવાળી, લાઈટ-પાણી તેમજ લિફ્ટની સુવિધા સહિતની ઓફીસ ઓફીસ બિલ્ડીંગનો ત્રીજો માળ (૧૫૮૫ ચો.ફૂટ) ચોથો માળ (૩૦૭૯.૦ ચો.ફૂટ) અને પાંચમો માળ (૨૯૯૧.૦ ચો.ફૂટ) ફક્ત સરકારી કે અર્ધસરકારી સંસ્થાઓના નિયત સમય માટે, ભાડે આપવાની હોઈ, રસ ધરાવતી પાર્ટીઓએ સદરહું જાહેરાત પ્રસિદ્ધ થયેથી મોડામાં મોડું દિન-૧૦માં નીચે જણાવેલ નામે અને સરનામે સિલબંધ કવરમાં ભાડાની ઓફર મોકલી આપવાની રહેશે. સદરહુ ભાડાની ઓફર દર ચો.ફૂટ પ્રમાણે નેટ કરવાની રહેશે. તદઉપરાંત તમામ જાતના વેરાઓ સહિત, લાઈટ તેમજ અન્ય વસુલાતો ભાડે રાખનારના શીરે રહેશે.

તેમજ ઓફરના સીલબંધ કવરમાં રૂ. ૫૦,૦૦૦/-નો નિગમના નામનો એકાઉન્ટ પેઈ ડીમાન્ડ ડ્રાફ્ટ ડીપોઝીટ તરીકે અચૂક રજૂ કરવાનો રહેશે. સદરહું નિવિદા સંબંધ જો કોઈ માર્ગદર્શન કે વધુ વિગતોની જરૂર જણાય તો નિગમની ગાંધીનગર ખાતેની ઓફીસે મેનેજર (એન્જી)નો સંપર્ક સાધવા વિનંતી છે. અત્રે પ્રાપ્ય ઓફરો પૈકી ભાડાની સૌથી ઉંચી ઓફરનો કે અન્ય કોઈપણ ઓફરનો સ્વીકાર કરવો કે નહીં તેનો અબાધિત અધિકાર નિગમ હસ્ત રહેશે.

માહિતી/૩૭૭/૨૦૧૬-૧૭ મેનેજીંગ ડાયરેક્ટર